ICICI Bank

July 30, 2018

BSE Limited
Phiroze Jeejeebhoy Towers
Dalal Street
Mumbai 400 001

National Stock Exchange of India Limited
Exchange Plaza, 5th floor
Plot No. C/1, G Block
Bandra-Kurla Complex
Bandra (East)
Mumbai 400 051

Dear Sir,

Subject: Audited Unconsolidated Financial Results – Quarter ended June 30, 2018

In terms of regulation 33 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure requirements) Regulations, 2015, we forward herewith a copy of Audited Unconsolidated Financial Results for the quarter ended June 30, 2018 published in Business Standard and Vadodara Samachar on July 28, 2018.

Please take the same on record.

Yours faithfully,

Vivek Ranjan


Vivek Ranjan
Chief Manager

Encl. : As above

ICICI Bank Limited
ICICI Bank Towers
Bandra-Kurla Complex
Mumbai 400 051, India.

Tel.: (91-22) 2653 1414
Fax: (91-22) 2653 1122
Website www.icicibank.com
CIN.: L65190GJ1994PLC021012

Regd. Office : ICICI Bank Tower,
Near Chakli Circle,
Old Padra Road,
Vadodara 390 007, India.



આજે ગુ પુર્ણિમા ના દિવસે બાંબુથોડા માં ચતુરમાસ નિમિત્તે પધારેલા શ્રીવિજય વિશ્વાસ સૂરીશ્વર મહારાજ સાહેબ અને પ.પૂ.પ્રવર્તક વિનોદ વિજય મહારાજ સાહેબ ની નિશ્રા માં ગુરુ વિજય ઇન્દ્રદિન સૂરીશ્વર મહારાજ સાહેબ ની સાક્ષાત પ્રતિમા ને બિરાજમાન કરી ઇન્દ્ર પ્રદેશ બાંબુથોડા માં ગુરૂ પુર્ણિમા ની ધામ ધૂમ થી ઉજવણી કરવા માં આવી બાંબુથોડા માં ગુરુપૂર્ણિમા ની ઉજવણી કરવામાં આવી તે વેળા ની તસવીર (તસવીર: સંદીપ વાળંદ)


છોટાઉદેપુર નગરમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે

અનેક સંતો મહંતો અને ગુરુઓના લોકોએ આશીર્વાદ મેળવ્યા

(પ્રતિનિધિ દ્વારા) તા.૨૭

છોટાઉદેપુર નગરમાં ગતરોજ ગુરુપૂર્ણિમાના શુભ દિવસે સમગ્ર નગર અને જિલ્લામાં શાળા મહાશાળાના શિક્ષકો , પંડીતો , ધાર્મિક ગુરુઓ , સંતો મહંતો , માતા પિતાઓ , રાજકીય ગુરુઓ તેમજ જેમના થકી જ્ઞાન લીધું હોય તેવા તમામ આજ્ઞા વ્યક્તિઓના શિષ્યોએ આશીર્વાદ મેળવી ગુરુપૂર્ણિમાની ઉજવણી કરી હતી અનેક શાળાઓમાં ઉજવણીના કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા ક્યારે રાજકીય આગેવાનો પોતાના પંથ પ્રમાણે સાધુ સંતો અને મહંતોના આશીર્વાદ મેળવ્યો હતો વહીલોના માનિબ્યમાં કામ કરનાર નાના વહીલોએ સિનિયર વહીલોના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ મેળવ્યો હતો રાજકારણમાં સિનિયર રાજકારણીઓને પગે પડી જુનિયર રાજકીય ઈચ્છાએ આશીર્વાદ મેળવ્યા હતા સાથે શાળા કોલેજોમાં વિદ્યાર્થીઓએ શિક્ષકો ગુરુઓને ચરણ સ્પર્શ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા સાથે શોસ્યલ મીડિયા મારફત પણ એક બીજાને ગુરુપૂર્ણિમાના આશીર્વાદ અને શુભેચ્છાઓ પાઠવી હતી

અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસીએશન દ્વારા ધો.૧ થી ૧૨નાં તેજસ્વી સ્ટુડન્સનું અભિવાદ અને ઈનામ વિતરણ



તાજેતરમાં અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસીએશન દ્વારા સ્ટુડન્સ ઓલીમ્પીયેનસનો ભવ્ય કાર્યક્રમ રખાયો. સતત ૨૮મો વર્ષે એ એસીએ સંસ્થાએ બારીટ સ્ટુડન્ટસનાં અભિવાદન અને ઈનામ વિતરણ દ્વારા પ્રોત્સાહન આપવાનો પ્રશસ્તીગીત કાર્યક્રમ યોજ્યો. સાથે સાથે એજ્યુકેશનનો વર્ષ ૨૦૧૮નો 'લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ' સિનિયર સીટીઝન મેમ્બર જીતેન્દ્રભાઈ આર.શાહને એનાયત કરવામાં આવ્યો. અને ઉલ્લેખનીય છે કે ગુજરાત વિદ્યીયા જગતની અગ્રણી એજ્યુકેશનને સંસ્થા બીઝનેસ સંબંધિત કાર્યક્રમોની સાથે સાથે સમાજલક્ષી અને પરિવારલક્ષી કાર્યક્રમો પણ રજુ કરે છે.

જન્માક્ષર અને વાસ્તુશાસ્ત્ર વિશે સેમીનાર યોજાયો



વડોદરા, તા.૨૭

લાભન્સ કલબ ઓફ માંજલપુર ૩૨૩૨ એફ-૧ દ્વારા શહેરની એક ખાનગી હોટલમાં જન્માક્ષર અને વાસ્તુશાસ્ત્ર વિશે સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ વક્તા તરીકે જન્માક્ષરમાં કેમેલ્ટ્રમ દોષ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જ્યારે બીજા વક્તા તરીકે વાસ્તુશાસ્ત્રમાં ઈશાન ખૂણાનું મહત્વ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ૧૫૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો.

300 ગામોમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમલી કરાશે પેયજળ સૌરઉર્જા યોજના

ગાંધીનગર,તા.૨૭

ગ્રામપંચાયત વિસ્તારમાં પાણી પૂરવઠા માટે સોલાર પંપ સુવિધા અંતર્ગત ગ્રામ પંચાયત પેય જળ સૌર ઊર્જા યોજના રાજ્યના ૩૦૦ ગામોમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમલી કરવામાં આવશે.વર્ષ ૨૦૧૭-૧૮માં ગ્રામ પંચાયતના વોટર વર્ક્સ દ્વારા ૧૪૦૦ મીલીયન લીટર મુનિટ વપરાશ થયો છે.

આ માટે ૬૨ વર્ષે રૂપિયા ૬૭૫ કરોડ રાજય સરકાર દ્વારા સબસીડીની રકમ તરીકે આપવામાં આવે છે. આ ગ્રામ પંચાયત પેય જળ સૌર ઊર્જા યોજનાના પ્રોજેક્ટ માટે પ્રવર્તમાન દરે રૂપિયા ૪૪૪૦ કરોડ ખર્ચ થાય છે. પ્રતિ કિલો વોટ વીજળી માટે ૧૦ ચો.મી. જમીનની જરૂરિયાત રહે છે. ગ્રામ પંચાયત પોતાના વોટર વર્ક્સની જમીન આ સૌર ઊર્જા યોજનામાં આપી શકશે.આ યોજનામાં પ્રતિ કિલો વોટની કેન્દ્ર સરકાર દ્વારા ૨૫ ટકા સબસીડી મળે તે માટે રાજય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને દરખાસ્ત — રજૂઆત કરવામાં આવી છે અને બાકીના ૭૫ ટકા માટે વાર્ષિક ૬ ટકાના દરે ૭ વર્ષ માટે લોન મળી શકશે. જેની ચુકવણી પ્રતિ વર્ષ રૂપિયા ૧૩૪૧૧ પ્રમાણે કરવાની થશે. ૭ વર્ષ પૂર્ણ થતાં રૂપિયા ૧૪૮૨૪ની ચોખ્ખી વાર્ષિક આવક ગ્રામ પંચાયતોને મળતી થશે. આ યોજનામાં જે ગ્રામ પંચાયતો અપફ્રન્ટ રકમ ભરે તેને એટલી ઓછી લોન લેવાની થશે તેવી સુવિધા પણ રાખવામાં આવી છે.

અમદાવાદઃ સાબરમતી નદીમાં સ્વચ્છતા માટે સૂચના

અમદાવાદ,તા.૨૭

અમદાવાદની મધ્યમાંથી પસાર થતી સાબરમતી નદી પહેલા સૂકી રહેતી, છેલ્લાં કેટલા વર્ષોથી નર્મદાના નીરને કારણે સજીવન થઈ ગઈ છે. રિવરફ્રન્ટને કારણે નદી વધારે રળિયામણી લાગે છે.

બીજી તરફ દેશની તમામ નદીઓ સ્વચ્છ કે એ માટે વિશેષ ઝૂંબેશ ચાલી રહી છે. કારણ તમામ નદીઓ-તળાવ-સમુદ્ર કાંઠે કચરાના ઢગ વધતાં જ જાય છે. ધર્મપ્રેમી પ્રજા પૂજાપાનો સામાન, ઘરના વપરાશના-જૂના ભગવાનના ફોટા-મૂર્તિઓ, ખંડિત થયેલી મૂર્તિ-તસવીરો નદીમાં પધરાવી દેતી હોય છે.અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા લોકો કચરો તેમ જ પૂજાવિધિની સામગ્રી નદીમાં છુટ્ટી ન ફેંકે એ માટે કળશ મુકવામાં આવ્યાં હતાં. આ કળશ પાસે કર્મચારીઓ પણ બેસાડવામાં આવ્યાં હતાં. જે કળશ ભરાઈ જાય પછી ચીજવસ્તુઓનો યોગ્ય નિકાલ કરી દેવામાં આવતો હતો. હાલ સાબરમતી નદીના બ્રિજ પર કળશ રહ્યાં નથી. પૂલોની ફૂટપાથ પર કર્મચારીઓ કચરાની ક્રેથળીઓ સાચવીને બેઠેલા નજરે પડે.

કોર્પોરેશન દ્વારા જ્યારે કળશ મુકવામાં આવ્યાં ત્યારે સત્તાધીશોએ લોકોને ધાર્મિક આસ્થા સાથે જોડી સ્વચ્છતા રાખવા પ્રયત્ન કર્યો. તો અત્યારે તમામ પુલો પર નાના અને નવા બેનર્સ જોવા મળી રહ્યાં છે, જેમાં જાહેરમાં રાખવા માટે વિનંતી કરાઈ છે. "નદીમાં કચરો ફેંકશો નહીં, તે થશે માછલીઓનું ઘર છે, તેમના પ્રત્યે માયાળુ બનો" આ પ્રકારના સ્લોગન સાથેના બેનર અત્યારે અમદાવાદના પુલો પર મુકવામાં આવ્યા છે.અહીં સૌથી મહત્વની વાત એ છે કે ગુજરાતી અને અંગ્રેજીમાં માછલીઓના નામે નદીમાં સ્વચ્છતા રાખવાનો સૂચના-સંદેશ કેટલો પરિણામ લાવી શકે છે તો આવનારા દિવસો બતાવશે.

સનોફી પાસ્ટરે ફલુકવાડકી લોન્ચ કરી

ત્રણ વર્ષથી ઉપરના વ્યકિતઓ માટે ભારતની પ્રથમ ફોર-સ્ટ્રેઈન ઈન્ફલ્યુએન્ઝા વેકિસન

સનોફીના વેકિસન ડિવિઝન સનોફી પાસ્ટરે આજે ભારતમાં ચોથી સ્ટ્રેઈન ઈન્ફલ્યુએન્ઝા વેકિસન ફ્લુકવાડી લોન્ચ કરવાની જાહેરાત કરી છે. ફ્લુકવાડરી ભારતની પ્રથમ ક્વાડ્રીવેલેન્ટ વેકિસન છે, જે ત્રણ વર્ષથી ઉમરના લોકોને ઈન્ફલ્યુએન્ઝાની સામે આપણ રક્ષણ પુરૂ પાડે છે. હાલમાં મોટાભાગની સિઝનલ ઈનફલ્યુએન્ઝા વેકિસન ત્રિગુણી છે અટલે કે તે આની સામે રક્ષણ આપે છે: ઈન્ફલ્યુએન્ઝા વાઈરસના બે એ ટ્રેઈન્સ અને એક સિંગલ બી લાઈનેજરસનું સફળતિક્રમણ જોવા મળ્યું છે. જેના પરિણામે વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુએચઓ)ને ત્રિગુણી રસી સાથે કઈ બી સ્ટ્રેઈનને સાંકળવી તેની ભલામણ કરવામાં મુકેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રોગની સ્થિતિમાં પરિવર્તનને ધ્યાનમાં લેતાં ક્વાડ્રીવેલેન્ટ વધુ સારા રક્ષણની સુરક્ષા પુરી પાડે છે. ડબલ્યુએચઓએ ઈન્ફલ્યુએન્ઝા વેકિસન ઈન્ફલ્યુએન્ઝા બી વાઈરસની સામે વ્યાપક સુરક્ષા પુરી પાડી શકે છે અને આ ભલામણો ત્રિગુણી રસી સુધી મર્યાદિત હોવી જોઈએ નહીં આ અંગે નવી મુંબઈમાં અપોલો હોસ્પિટલના આઈસોલેશ હેડ અને ડો. વેવલેઝ મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલના ડિરેક્ટર અને કન્સલ્ટન્ટ ફિઝિશ્યાટ્રિસિયન ડો. વિજય વેવલે જણાવ્યું હતું કે, ઈન્ફલ્યુએન્ઝા ટાઈપ બીના બે પેટા પ્રકારો હોય છે. જેનાથી વ્યક્તિને ભિમારી થાય છે. અત્યાર સુધીમાં ઉપલબ્ધ વેકિસનમાં ઈન્ફલ્યુએન્ઝા બી સબ્બાટઈપના માત્ર એકનો સમાવેશ થતો હતો. એ તેનાથવી માત્ર વેકિસનમાં સામેલ માત્ર એકની સામે રક્ષણ મળતું હતું. ઈન્ફલ્યુએન્ઝા વેકિસન વર્ષમાં બે વાર નવેસરથી તૈયાર કરવામાં આવી છે તેમજ ઈન્ફલ્યુએન્ઝા વાઈરસ ટાઈપ એ અને બી બન્નેને વર્ષ દરમિયાનના વૈજ્ઞાનિક અંદાજોને આધારે વેકિસનમાં સામેલ કરવામાં આવ્યા છે. સનોફી પાસ્ટર સાઉથ એશિયાના કન્ટ્રી હેડ જિમ્મેન-પિમ્મેસે બાયલેટ જણાવ્યું હતુ કે, ઈન્ફલ્યુએન્ઝાના અસાદારણ દબાણની સામે લડવા માટે સનોફી પાસ્ટર ઈનોવેશન બાબતે હંમેશાથી અગ્રેસર રહ્યું છેએ.

ગુજરાત શહેરી ધનકચરા વ્યવસ્થાપન અને સ્વચ્છતા નીતિ જાહેર કરાઈ

ગાંધીનગર,તા.૨૭

મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ ગુજરાત શહેરી ધનકચરા વ્યવસ્થાપન અને સ્વચ્છતા નીતિ જાહેર કરતાં જણાવ્યું હતું કે,તમામ શહેરો અને નગરોમાં ૧૦૦ ટકા સફાઇ થાય, ઘન તેમજ પ્રવાહી કચરાનું સુવ્યવસ્થિત એકત્રીકરણ અને પરિવહન, તેમ જ વૈજ્ઞાનિક ઢબે નિકાલ થાય તે માટે સર્વગ્રાહી નીતિ અમલમાં મૂકી છે.ગુજરાત સરકારે નેશનલ અર્બન સેનિટેશનની પોલિસી મુજબ 'રાજ્ય શહેરી ઘન કચરા વ્યવસ્થાપન અને સ્વચ્છતા નીતિનું જે માળખું તૈયાર કર્યું છે, તેના ઉદ્દેશો આ પ્રમાણે છે.

નીતિના ઉદ્દેશો :

જાહેરમાં શૌચક્રિયા ન થાય તે માટે શહેરમાં વસતાં નાગરિકોને શૌચાલયની યોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા ઉપર ભાર મૂકાશે. તેમજ જ્યાં વ્યક્તિગત શૌચાલય જગ્યાને અભાવે ન બનાવી શકાય તેમ હોય ત્યાં જાહેર શૌચાલયની સગવડતા ઉભી કરાશે. કેન્દ્રીય જાહેર સ્વાસ્થ્ય અને પર્યાવરણ ઇજનેરી સંસ્થા કે પર્યાવરણ અને વન મંત્રાલયે નક્કી કરેલા ધોરણ મુજબ શહેરી સ્થાનિક સંસ્થામાં ઉત્પન્ન થયેલો તમામ કચરો અને ગંદા પાણીનો અન્ય હેતુ માટે ઉપયોગ થાય તે હેતુથી ટ્રીટમેન્ટ કરવામાં આવશે.

રહેણાંક અને વાણિજ્યક કચરાનું સ્થળ પર ૧૦૦ ટકા વર્ગીકરણ અને સંગ્રહની વ્યવસ્થા દ્વારા ભવી શહેરી સ્થાનિક સંસ્થાઓના સહયોગથી 'ઝીરો વેસ્ટ' શહેરોનું નિર્માણ કરાશે : રીસાઇકલીંગ અને રીયૂઝ પર ભાર મૂકાશે.

ગટર લાઈન અને મેનહોલ્સની ઉપરાંત ખાળકૂવાની માનવીય સફાઈની નાબુદી દ્વારા રાજ્યમાં મેન-યુઝલ સ્કેવેંજીંગની નાબૂદી.

દરેક શહેરી સ્થાનિક સંસ્થાઓમાં કુદરતી ગટરો અને વરસાદી પાણીની ગટરને પુનઃજીવિત કરાશે. ગંદા પાણીનો નિકાલ વરસાદી પાણીની ગટરમાં થાય નહીં તેની કાળજી રખાશે.

મજબૂત માહિતી પ્રણાલી ઉભી કરીને તમામ શહેરી સ્થાનિક સંસ્થાઓની પાણી પુરવઠા અને સ્વચ્છતા સેવાઓ સંબંધિત ઉટા એમઆઈએસ દ્વારા જાહેર જનતા માટે ઉપલબ્ધ કરાશે : આવી પ્રથા ઊભી કરવા માટે જરૂરી રોકાણો રાજ્ય સરકાર ભોગવશે.

જયંતિ ભાનુશાળી દુષ્કર્મ કેસમાં સીએમ રૂપાણીએ આપ્યું મોટું નિવેદન

ગાંધીનગર

જયંતી ભાનુશાળીને સુરત કાઈમે બે વખત સમન્સ પાઠવ્યું છે. પહેલાના સમન્સમાં હાજર ન રહેતા વધુ એક સમન્સ જયંતી ભાનુશાળીના ઘરે જઈને પોલીસે પાઠવ્યું હતું. જયંતી ભાનુશાળી પર દુષ્કર્મના આરોપ છે. ઉલ્લેખનિય છે કે ફેસ્ટન ડિઝાઈનના કોર્સમાં એડમિશનના બહાને જયંતી ભાનુશાળીએ દુષ્કર્મ ગુજર્યાની પીડિતાની ફરિયાદ બાદ પોલીસે જયંતી ભાનુશાળીને સમન્સ પાઠવ્યું હતું. સીબારપીસી ૧૯૦ મુજબના સમન્સમાં આરોપી જયંતી ભાનુશાળી સરથાણા પોલીસ સ્ટેશનમાં નિવેદન માટે હાજર રહ્યો નહોતો.

સુરતની યુવતીએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવ્યાં બાદ પ્રદેશ ભાજપના પૂર્વ ઉપપ્રમુખ અને અબડાસાના પૂર્વ ધારાસભ્ય જયંતિ ભાનુશાળી ભૂગર્ભમાં ઉતરી ગયાં છે. ભાજપના નેતાને બચાવવા ભાજપ સરકાર દ્વારા ઉપરથી દબાણ કરાતું હોવાની અટકળો વચ્ચે આજે ભુજ આવેલાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નિવેદન આપ્યું હતું. આ કેસમાં કાયદો કાયદાનું કામ કરશે અને સરકાર સંપૂર્ણ રીતે તટસ્થતાથી તપાસ કરશે.

'જ્યારે કોઈપણ પીડિતાએ કોઈપણ અરજી કરી છે ત્યારે તેને ન્યાય મળે તે માટે સરકારે હંમેશા યોગ્ય પગલાં લીધા છે. કાયદો તો ટકા કાયદાનું જ કામ કરશે. જે પ્રોસેસ થઈ રહી છે તેમાં સરકાર તટસ્થતાપૂર્વક કાર્યવાહી કરવામાં આવશે તેવું મુખ્યમંત્રી વિજય રૂપાણી નિવેદન આપ્યું હતું.જયંતિ ભાનુશાલી બળાત્કાર કેસમાં પીડિત યુવતીનું સેક્શન ૧૬૪ પ્રમાણે મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન લેવામાં આવશે. મળી રહેલી માહિતી પ્રમાણે ૧૯માં એડિશનલ જજ પીડિતાનું નિવેદન લેશે. આ માટે કોર્ટે નિવેદન નોંધવાની તારીખ અને સમય જાહેર કર્યો છે.

નબળાં વિદ્યાર્થીઓને હોંશિયાર બનાવવા શરૂ થઈ ૪ દિવસની ઝુંબેશ

અમદાવાદ,તા.૨૭

વાંચન, લેખન અને ગણિતમાં નબળાં વિદ્યાર્થીઓ માટે ગુરુવારથી સરકાર દ્વારા એક ખાસ કાર્યક્રમની શરુઆત કરવામાં આવી છે. ધોરણ ૬, ૭ અને ૮ના વિદ્યાર્થીઓને શાળા સમય ઉપરાંત વધુ એક કલાક અને શાળા સમય દરમિયાન બે કલાક ભણાવીને અન્ય વિદ્યાર્થીઓની હરોળમાં લાવવાના રાજ્યવ્યાપી 'મિશન વિદ્યા' નો આરંભ થયો છે.

ગુજરાતના ૨૫૦ તાલુકાઓમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૬ થી ૮માં અભ્યાસ કરતા નબળા વિદ્યાર્થીઓ માટેના 'મિશન વિદ્યા' ના નિરિક્ષણ અને ચોકસાઈપૂર્વકના અમલીકરણ માટે ૨૬૨ જેટલા આઈ.એ.એસ., આઈ.પી.એસ. અને આઈ.એફ.એસ. કક્ષાના અધિકારીઓ સહિત પદાધિકારીઓને રાજય સરકાર દ્વારા જવાબદારી સોપવામાં આવી છે.ગુજોત્સવ-૮ના પરિક્ષામોમાં જણાયું હતું કે ધોરણ ૬-૭-૮ના કુલ ૨૧,૬૮,૨૫૪ વિદ્યાર્થીઓ પૈકી ૧૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ વાંચનમાં, ૧૩ ટકા વિદ્યાર્થીઓ લેખનમાં અને ૧૪ ટકા વિદ્યાર્થીઓ ગણિતમાં નબળા જણાયા હતાં.

ગુજોત્સવ દરમિયાન ધ્યાનમાં આવેલી આ બાબતને ગંભીરતાથી લઈને આવા નબળા વિદ્યાર્થીઓ પર વધુ ધ્યાન આપીને તેમને અન્ય વિદ્યાર્થીઓની હરોળમાં લાવવા 'મિશન વિદ્યા' હાથ ધરાયું છે.

૩૧ ઓગસ્ટ સુધી 'મિશન વિદ્યા' અંતર્ગત ઉપરાચાત્યક શિક્ષણ કાર્ય હાથ ધરાશે .મિશન વિદ્યાની શરુઆતે શિક્ષણપ્રધાન ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને મુખ્ય સચીવ ડો.જે.એન.સિંહે વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા તમામ જિલ્લાના કલેક્ટરોને 'મિશન વિદ્યા' ના અસરકારક અમલીકરણ માટે ધ્યાન રાખવા સૂચનાઓ આપી હતી.

સીએમ રૂપાણીએ પણ ૨૨,૦૦૦ કેન્દ્રો પર ઉપસ્થિત રહેલા ૭૦,૦૦૦ જેટલા શિક્ષકો સાથે બાયસેગના માધ્યમથી એકસાથે વાત કરીને 'મિશન વિદ્યા' વિશે માર્ગદર્શન આપ્યું હતું. શિક્ષણ વિભાગે વાંચન, લેખન અને ગણનના ઉપચારાત્મક શિક્ષણ માટે જરૂરી સાહિત્ય તૈયાર કર્યું છે.

શાળાકક્ષાએ જે તે ધોરણના વર્ગ શિક્ષક દ્વારા વાંચન, લેખન અને ગણનમાં નબળા હોય એવા પ્રિય વિદ્યાર્થીઓને શાળા સમય ઉપરાંત વધુ એક કલાક ઉપચારાત્મક શિક્ષણ અપાશે. ધોરણ ૩ થી ૫ ના નબળા વિદ્યાર્થીઓને પણ શાળા સમય દરમિયાન બે કલાક ઉપચારાત્મક શિક્ષણ અપાશે.

'મિશન વિદ્યા' ના સુવ્યવસ્થિત અમલીકરણ માટે ૨૯૨ જેટલા ઉચ્ચ અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. આ અધિકારીઓ 'ગુણોત્સવ'ની પેટર્ન પ્રમાણે તેમને ફાળવાયેલા જિલ્લાઓ-શાળાઓની મુલાકાત લેશે અને ઉપચારાત્મક શિક્ષણ પ્રક્રિયાનું મુલ્યાંકન કરશે. એટલું જ નહીં આ મિશનના અંતે ધોરણ ૬ થી ૮ની તમામ શાળાઓના બાળકોનું વાંચન, લેખન અને ગણન સંદર્ભે પુનઃમૂલ્યાંકન કરાશે.

PUBLIC NOTICE

ICICI Bank

ICICI Bank Limited

CIN-L65190GJ1994PLC021012

Registered Office: ICICI Bank Tower, Near Chakli Circle, Old Padra Road, Vadodara - 390 007.

Corporate Office: ICICI Bank Towers, Bandra-Kurla Complex, Bandra (East), Mumbai - 400 051.

Website: http://www.icicibank.com

UNCONSOLIDATED FINANCIAL RESULTS

(₹ in crore)

Sr. no.	Particulars	UNCONSOLIDATED		
		Three months ended		Year ended
		June 30, 2018 (Q1-2019) (Audited)	June 30, 2017 (Q1-2018) (Audited)	March 31, 2018 (FY2018) (Audited)
1.	Total income from operations (net)	18,574.17	16,847.04	72,385.52
2.	Net Profit/(Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	(162.91)	2,574.57	7,434.55
3.	Exceptional items	-	-	-
4.	Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	(162.91)	2,574.57	7,434.55
5.	Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	(119.55)	2,049.00	6,777.42
6.	Total comprehensive income for the period [Comprising profit/(loss) for the period (after tax) and other comprehensive income (after tax)] (refer note no. 1)	N.A.	N.A.	N.A.
7.	Paid-up equity share capital (face value ₹ 2 each)	1,286.56	1,282.78	1,285.81
8.	Reserves excluding revaluation reserves	101,046.23	96,293.71	100,864.37
9.	Earnings per share (EPS):			
	Basic EPS before and after extraordinary items, net of tax expense (not annualised) (in ₹)	(0.19)	3.20	10.55
	Diluted EPS before and after extraordinary items, net of tax expense (not annualised) (in ₹)	(0.18)	3.17	10.46

Notes:

1. The new Indian Accounting Standards (Ind AS) are currently not applicable to banks in India.

Note: The above is an extract of the detailed format of financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and the Bank (www.icicibank.com)

For and on behalf of the Board of Directors

Sandeep Bakhshi
Chief Operating Officer
(Designate)
DIN-00109206

Anup Bagchi
Executive Director
DIN-00105962

Place : Mumbai
Date : July 27, 2018

CERTIFIED TRUE COPY

Vivek Ranjan
Chief Manager
ICICI Bank Limited

Date: 27-07-2018
Place: Secunderabad

Executive Director
DIN: 01498741

PUBLIC NOTICE

ICICI Bank

ICICI Bank Limited
CIN-L65190GJ1994PLC021012
Registered Office: ICICI Bank Tower, Near Chakli Circle, Old Padra Road, Vadodara - 390 007.
Corporate Office: ICICI Bank Towers, Bandra-Kurla Complex, Bandra (East), Mumbai - 400 051.
Website: http://www.icicibank.com

UNCONSOLIDATED FINANCIAL RESULTS

(₹ in crore)

Sr. no.	Particulars	UNCONSOLIDATED		
		Three months ended		Year ended
		June 30, 2018 (Q1-2019)	June 30, 2017 (Q1-2018)	March 31, 2018 (FY2018)
		(Audited)	(Audited)	(Audited)
1.	Total income from operations (net)	18,574.17	16,847.04	72,385.52
2.	Net Profit/(Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	(162.91)	2,574.57	7,434.55
3.	Exceptional items	...	...	...
4.	Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	(162.91)	2,574.57	7,434.55
5.	Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	(119.55)	2,049.00	6,777.42
6.	Total comprehensive income for the period [Comprising profit/(loss) for the period (after tax) and other comprehensive income (after tax)] (refer note no. 1)	N.A.	N.A.	N.A.
7.	Paid-up equity share capital (face value ₹ 2 each)	1,286.56	1,282.78	1,285.81
8.	Reserves excluding revaluation reserves	101,046.23	96,293.71	100,864.37
9.	Earnings per share (EPS):			
	Basic EPS before and after extraordinary items, net of tax expense (not annualised) (in ₹)	(0.19)	3.20	10.56
	Diluted EPS before and after extraordinary items, net of tax expense (not annualised) (in ₹)	(0.18)	3.17	10.46

Notes:

1. The new Indian Accounting Standards (Ind AS) are currently not applicable to banks in India.

Note: The above is an extract of the detailed format of financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and the Bank (www.icicibank.com)

For and on behalf of the Board of Directors

Sandeep Bakhshi
Chief Operating Officer (Designate)
DIN-00109206

Anup Bagchi
Executive Director
DIN-00105962

Place : Mumbai
Date : July 27, 2018

CERTIFIED TRUE COPY

Vivek Ranjan
Chief Manager
ICICI Bank Limited